આકાશવાણી, અમદાવાદ

28-05-2025 Midday: 2.30 to 2.35 pm

Wednesday Regional News

## GNR CABINET MEETING

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ગુજરાતની સ્થાપનાના 75 વર્ષની ઉજવણી પહેલાના લક્ષ્યાંક અંગે વ્યૂહરચનાની ચર્ચા થઈ. તેમજ રાજ્યમાં કમોસમી વરસાદ અને તેના કારણે પાકને થયેલા નુકસાન અંગેની સમીક્ષા કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના પ્રવાસ દરમિયાન ગુજરાતની સ્થાપનાના 75 વર્ષની ઉજવણી પહેલા મહત્વના લક્ષ્યાંક નક્કી કરવા સૂચન આપ્યું હતું.

. . . . . . . . . . .

## KADI ELECTION

મહેસાણા જિલ્લાની કડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે બે દિવસમાં કુલ 21 ઉમેદવારી પત્રનું વિતરણ કરાયું. જોકે, હજી સુધી કોઈ પત્ર ભરાયું નથી. ઉમેદવારો બીજી જૂન સુધીમાં પોતાના ઉમેદવારી પત્ર ભરી શકશે.

ઉલ્લેખનીય છે કે, મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક માટે યોજાનારી પેટા-ચૂંટણી માટે આગામી 19 જૂને મતદાન થશે, અને 23 જૂને પરિણામ જાહેર કરાશે.

. . . . . . . . . . .

## MEHSANA DUDH SAGAR DAIRY

મહેસાણાની દૂધસાગર ડૅરીએ દૂધ ઉત્પાદકોના દૂધના ભાવમાં દસ રૂપિયાનો વધારો કર્યો છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, દૂધનો ભાવ 820ની જગ્યાએ હવે 830 રૂપિયા કરાયો છે. ભાવવધારાના કારણે દૂધ ઉત્પાદકોને વાર્ષિક 48 કરોડ રૂપિયાનો લાભ થશે.

. . . . . . . . . . .

## MORBI ACCIDENT

મોરબીમાં બસ અને કાર વચ્ચેના અકસ્માતમાં બે લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે, આંધ્રપ્રદેશનો વતની એક પરિવાર કારમાં ગાંધીધામથી દ્વારકા જઈ રહ્યો હતો. દરમિયાન આમરણ ગામ નજીક ખારચિયા ગામ પાસે એક એસ.ટી. બસ સાથે તેમની કાર અથડાતા આ અકસ્માત સર્જાયો.

આ ઘટનામાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે અન્ય ત્રણ લોકોને ઈજા પહોંચતા તેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડાયા છે. બીજી તરફ, આ ઘટનામાં 13 વર્ષના એક બાળકનો બચાવ થયો છે.

. . . . . . . . . . .

NARMADA CORONA

નર્મદા જિલ્લામાં કોરોનાને લઈ આરોગ્ય તંત્ર દ્વારા GMERS મૅડિકલ કૉલેજ, સબ-ડિસ્ટ્રીક્ટ હૉસ્પિટલ, સામૂદાયિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને શહેરી આરોગ્ય કેન્દ્રમાં સુવિધા કરવામાં આવી છે. હાલ જિલ્લામાં કુલ 35 આરોગ્ય સંસ્થામાં 792 પથારી ઉપલબ્ધ છે. આ અંગે સિવિલ હૉસ્પિટલના નાયબ મૅડિકલ સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર નયન કોઈટિયાએ વધુ માહિતી આપી.

. . . . . . . . . . .

GSSSB FORM

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ- G.S.S.S.B. દ્વારા મહેસૂલ તલાટી વર્ગ ત્રણ-ની બે હજાર ત્રણ સો નેવ્યાસી જગ્યાઓની ભરતી માટેની પરીક્ષા લેવાશે. આ જગ્યાઓ માટે અરજી ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ઈચ્છુક ઉમેદવારો ઑજસ- ઑનલાઈન જૉબ ઍપ્લિકૅશન સિસ્ટમના માધ્યમથી આગામી 10 જૂન સુધીમાં ઑનલાઈન અરજી કરી શકશે.

. . . . . . . . . . .

SAVARKAR JAYANTI

ક્રાંતિવીર વિનાયક દામોદર સાવરકરની આજે 142-મી જન્મજયંતી છે. ત્યારે ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભા ખાતે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી સહિતના લોકોએ શ્રી સાવરકરના તૈલચિત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. વિધાનસભા અધ્યક્ષે જણાવ્યું, ‘શ્રી સાવરકરે પોતાનું સંપૂર્ણ જીવન દેશ અને રાષ્ટ્ર સેવાને આપ્યું છે. તેમણે ઇંગ્લૅન્ડમાં “ફ્રી ઈન્ડિયા સોસાયટી” નામની સંસ્થા સ્થાપી દેશની આઝાદી માટે ક્રાંતિકારી ચળવળ શરૂ કરી હતી. બ્રિટિશ સરકારે સરકાર વિરુદ્ધ ષડયંત્રના કેસમાં તેમની ધરપકડ કરીને 50 વર્ષની કેદની સજા કરી હતી. શ્રી સાવરકરે ભારતને અખંડ રાખવા અને આઝાદી અપાવવા અથાગ પ્રયાસ કર્યા હતા, જેને દેશ ક્યારેય નહીં ભૂલે.’

. . . . . . . . . . .

SAMRAS HOSTEL ADMISSION

વર્ષ 2025-26ના શૈક્ષણિક વર્ષ માટે સમરસ કુમાર અને કન્યા છાત્રાલયમાં પ્રવેશ માટેની ઑનલાઈન અરજી મગાવવામાં આવી છે. શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, અમદાવાદ, ભુજ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, આણંદ, હિમ્મતનગર, પાટણ, મોડાસા અને ગાંધીનગર ખાતે પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓ સમરસ ડૉટ ગુજરાત ડૉટ જીઓવી ડૉટ ઈન વેબસાઈટ પર ગ્રૂપ એક મેડિકલ સિવાય અને ગ્રૂપ બે માટે આગામી 30 જૂન સુધી તેમજ ગ્રૂપ ત્રણ માટે આગામી 20 જૂન સુધી અરજી કરી શકશે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ઈ-ગ્રામ મારફતે પણ પ્રવેશ માટેની ઑનલાઈન અરજી કરી શકશે.